# ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી
# મેડીકલ કોલેજ, ધારપુર, પાટણ
## એનાટોમી વિભાગ
## દેહદાન અંગે જરૂરી માહિતી

૧. કોઇપણ સરકાર માન્ય મેડીકલ તથા ડેન્ટલ કોલેજ ને દેહદાન કરી શકાય છે.
૨. મનુષ્યના મૃત્યુનું સ્થળ, સમય અને સંજોગો, અનિશ્ચિત હોવાથી આપની સાથે, ખીસ્સામાં, દેહદાન અંગેની ઇચ્છાની નોંધ રાખવી સલાહ ભર્યુ છે. (વિદેશમાં ડ્રાઇવીંગ લાઇસન્સની પાછળ દેહદાન ની નોંધ રાખવાની જોગવાઇ હોય છે.)
૩. આપના નજીકના સગા સંબંધી, પાડોશી તથા આપના ફેમીલી ડોક્ટરને આપની દેહદાન અંગેના સંકલ્પની જાણ કરવી હિતાવહ છે. જેથી મૃત્યુ બાદ દેહદાન અંગે પગલા ભરી શકાય.

**<u>આપના સગા સંબંધીને આ અંગે મદદ રૂપ થતી માહિતી</u>**

૧. મૃત્યુ અંગેનું પ્રમાણ પત્ર ફક્ત ક્વોલીફાઇડ ડિગ્રી ધરાવતા ડોક્ટર પાસેથી મેળવવું જરૂરી છે.
૨. આ પ્રમાણપત્ર મૃતદેહ સાથે દેહદાન વખતે લાવવું ફરજિયાત છે. કુદરતી મૃત્યુ અંગેનુ પ્રમાણપત્ર નહિ હોય તો દેહદાન સ્વીકારી શકાશે નહીં.
૩. મૃત્યુ પામનાર વ્યકિત ના પાસપોર્ટ સાઇઝ ના ત્રણ ફોટા લાવવા જરૂરી છે.
૪. શબ વાહિનીની સગવડ માટે આપ સિવીલ હોસ્પિટલના પી.આર.ઓ./ સી.એમ.ઓ./આર.એમ.ઓ. અથવા મ્યુનિસીપલ કોર્પોરેશનનો અથવા અન્ય સ્વૈચ્છિક સંસ્થા જેવીકે લાયન્સ ક્લબ, સદવિચાર પરિવાર, રેડક્રોસ , જુનિયર સિટિઝન કાઉન્સિલ વિગેરે નો સંપર્ક સાધી શકોછો.
૫. દેહ ના અવસાન બાદ તેમના દેહદાન સંકલ્પ ની જાણ ઉપરોકત સંસ્થામાંથી કોઇપણ સંસ્થાને વિના વિલંબે કરવા વિનંતિ છે જેથી જરૂરી તૈયારી અને વ્યવસ્થા કરી શકાય.
૬. અકસ્માત થયેલ, પોસ્ટમોર્ટમ થયેલ, ચેપી રોગવાળા અથવા વાઢકાપ થયેલ મૃતદેહ દેહદાન માટે યોગ્ય હોતા નથી.
૭. અવસાન બાદ મૃતદેહ ની સોંપણી ૬ કલાકની અંદર કરવી જરૂરી છે, જેમ વધુ સમય જાય તેમ મૃતદેહ સંઘરી રાખવા માટે યોગ્ય રહેતો નથી અને દેહદાન એળે જવાની શક્યતા છે તેથી જેમ બને તેમ જલદી મૃતદેહ ની સોંપણી કરવી જોઇએ.
૮. મૃત્યુ પછી સંજોગવશાત મૃતદેહ એનેટોમી વિભાગ સુધી લાવવામાં વિલંબ થાય તેમ હોય તો તેને ઠંડક રહે તેમ બરફની પાટ વચ્ચે મૂકવો હિતાવહ છે.
૯. જાહેર રજા તથા કચેરી સમય બાદ આવેલ મૃતદેહ ને સિવિલ હોસ્પીટલ, ધારપુર, ના કોલ્ડ સ્ટોરેજ રૂમ માં સાચવવામાં આવશે, તથા તે પછી ના કાર્યકારી દિવસે મૃતદેહ ને આદર સંમ્માન સાથે એનાટોમી વિભાગ,મેડીકલ કોલેજ, ધારપુર, માં લાવી આગળ ની કાર્યવાહી કરવામાં આવશે.
૧૦. જો મૃતદેહ સંગ્રહ કરવા માટે તથા શૈક્ષણિક કાર્ય માટે યોગ્ય નહિ લાગતો હોય તો સંસ્થા નમ્રતા પુર્વક દેહદાન નો અસ્વીકાર કરી શકે છે .
૧૧. મૃતદેહ ની સોંપણી એનેટોમી વિભાગ, જી.એમ.ઇ.આર.એસ. મેડીકલ કોલેજ, ધારપુર, પાટણ કરવા માટે.........

સોમ થી શુક્ર : સવારે ૯-૦૦ થી સાંજના ૫-૦૦.
શનિવાર : સવારે ૯-૦૦ થી બપોર ના ૧-૦૦

પી.એ.ટુ ડીન : ૦૨૭૬૬-૨૬૫૨૦૦
એનાટોમી એક્સટેન્સન :
ડૉ.પદમા હીરપરા -: ૯૫૮૬૦૪૨૮૦૭
ડૉ. પંકજ મહેરીઆ :- ૯૯૭૪૭૪૨૯૦૪
ડૉ. સંજય વિકાણી -: ૯૮૨૪૮૫૦૦૧૪
ડૉ. કુલદીપ સુથાર :- ૯૯૯૮૮૪૬૦૨૫
ડૉ. રોહિત પ્રજાપતિ -: ૭૫૬૭૮૮૯૮૬૧

ઉપર ના સમય સિવાય તથા રવિવાર અને જાહેર રજાના દિવસે સંપર્ક કરવા માટે: ફોન નં: ૦૨૭૬૬-૨૯૧૫૧૪ (સીવીલ હોસ્પીટલ, ધારપુર)
પી.આર.ઓ. : એક્સટેન્સન : ૧૯૧
સી.એમ.ઓ. : એક્સટેન્સન : ૨૬૦
આર.એમ.ઓ.: એક્સટેન્સન : ૧૧૦

અંતમાં આપની ઉદાત્ત ભાવનાને અમે દધિચિ ઋષિના અસ્થિદાન સાથે સરખાવીએ છીએ. જે રીતે દધિચિ ઋષિના અસ્થિ દૈત્યોનો નાશ કરવામાં મદદરૂપ થયા હતા તેજ રીતે આપના દેહ પણ તબીબી વિધાર્થીઓના અભ્યાસક્રમ માં મદદ કરી રોગરૂપી દૈત્યોનો નાશ કરવામાં મદદરૂપ થશે.

આભાર સહ....

પ્રાધ્યાપક અને એનેટોમી વિભાગ ના વડા